**HFHS Patient Financial Assistance Program (દર્દી નાણાકીય સહાયતા કાર્યક્રમ, PFAP) નીતિ**

## નીતિ

Henry Ford Health System (HFHS) દરેક દર્દી સાથે ગરિમાપૂર્વક, આદરપૂર્વક અને લાગણીપૂર્વક વર્તે છે. સેવાઓની વાજબી કિંમત માટે દર્દીઓ HFHS તરફ જોઈ શકે છે કારણ કે  તે સેવાઓ પર અને દર્દીઓને તેમના તબીબી ખર્ચાને સંચાલિત કરવા માટે વિકલ્પો શોધવામાં સહાયતા કરવા માટે ધ્યાન દોરી શકે છે.

દર્દીઓની ચુકવણી કરવાની ક્ષમતા અથવા પહેલાની મુલાકાતોની બાકી રકમને ધ્યાનમાં લીધા વિના તાત્કાલિક તબીબી સારવાર પ્રાપ્ત કરવા માટે તમામ દર્દીઓ હક ધરાવે છે.

દર્દીઓ અને/અથવા જામીનદારોથી પ્રદાન કરવામાં આવેલ તબીબી સેવાઓ માટે HFHS પ્રતિ નાણાકીય કર્તવ્યો માટેની જવાબદારી સ્વીકારવાની અપેક્ષા રાખવામાં આવે છે. જવાબદારીને ક્રિયાઓ દ્વારા દર્શાવવામાં આવી છે જેમ કે HFHS ને ચોક્કસ અને પૂર્ણ માહિતી પ્રદાન કરવી, સમયસર ચુકવણી કરવી, સંમતિ આપેલ ચુકવણી યોજનાઓનું પાલન કરવું અને તબીબી રક્ષણમાં નોંધણી કરાવવી, પછી ભલે તે કર્મચારી, ખાનગી કાર્યક્રમ દ્વારા, અથવા સરકાર દ્વારા સમર્થિત Medicare જેવા (ભાગ A, B અને D, અથવા C) અને Medicaid જેવા કાર્યક્રમો દ્વારા અથવા કોઈ અન્ય તૃતીય પક્ષ ચૂકવણીકાર દ્વારા, લાગુ પડે તે મુજબ પ્રદાન કરવામાં આવતુ હોય.

HFHS દ્વારા બિલ આપવામાં આવેલ સેવાઓ આ નીતિ હેઠળ HFHS નાણાકીય સહાયતા માટે પાત્ર છે. હેનરી ફોર્ડ હેલ્થ સિસ્ટમ વેબસાઇટ પરથી અથવા પ્રદાતાઓના કાર્યાલય પર કૉલ કરીને PFAP માં ભાગ લેનારા સાઇટ્સ અને પ્રદાતાઓની સૂચિ નિઃશુલ્ક મેળવી શકાય છે.

HFHS દર્દી નાણાકીય સહાયતા કાર્યક્રમ (PFAP) ને એવી સ્થિતિઓ માટે તૈયાર કરવામાં આવ્યો છે કે જ્યાં પાત્ર દર્દીને સેવાઓ માટે એક તબીબી જરૂરિયાત હોય છે અને તે આરોગ્ય વીમા રક્ષણ માટે પાત્ર નથી અથવા તે વીમાકૃત છે પરંતુ મર્યાદિત નાણાકીય સંસાધનો ધરાવે છે.

### PFAP માટે પાત્ર હોવું:

HFHS PFAP માટે પાત્રતા એન્કાઉન્ટર ધોરણે એન્કાઉન્ટર પર નક્કી કરવામાં આવશે. દર્દીઓ નીચે આપેલ ત્રણમાંથી એક પદ્ધતિ હેઠળ PFAP માટે પાત્ર હોઇ શકે છે:

**પદ્ધતિ (1):**

- યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં કાયદેસર રહેવાસી
- વેઇન, મેકોમ્બ, અને ઓકલેન્ડ કાઉન્ટીઓ સામેલ હોય તેવા, HFHS ના પ્રાથમિક સેવા વિસ્તારોમાં વ્યક્તિગત નિવાસ હોય
- HFHS શાખા ખાતે HFHS સેવા પ્રદાતા દ્વારા નિદાન કરવામાં આવેલ તબીબી જરૂરિયાત માટે સારવારની માગ કરનાર
- આરોગ્ય વીમા રક્ષણ માટે પાત્ર હોવા માટે HFHS દ્વારા નક્કી કરવામાં આવેલ છે
- 250% ની સમવાય ગરીબી રેખા પર અથવા તેનાથી ઓછી વાર્ષિક ઘરેલૂ કુલ આવક

PFAP માટે ઉપરોક્ત પાત્રતાની પૂર્તિ કરનાર દર્દીઓ તબીબી રૂપે જરૂરી તમામ સેવાઓ પર 100% છૂટ માટે પાત્ર હશે.

પદ્ધતિ (2):

- દર્દીઓ કે જેમણે છેલ્લા 12 મહિનામાં ખર્ચાના નુકસાને જોખમકારક તબીબી સ્થિતિના પરિણામ રૂપે HFHS ખાતે મોટું તબીબી ઋણ ગ્રહણ કર્યુ હોય કે જે તેમની કુલ વાર્ષિક ઘરેલૂ આવકના 30% થી વધુ હોય
- યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ્ અમેરિકામાં કાયદેસર રહેવાસી
- વેઇન, મેકોમ્બ, અને ઓકલેન્ડ કાઉન્ટીઓ સામેલ હોય તેવા, HFHS ના પ્રાથમિક સેવા વિસ્તારોમાં વ્યક્તિગત નિવાસ હોય
- HFHS શાખા ખાતે HFHS સેવા પ્રદાતા દ્વારા નિદાન કરવામાં આવેલ તબીબી જરૂરિયાત માટે સારવારની માગ કરનાર

PFAP માટે ઉપરોક્ત પાત્રતાની પૂર્તિ કરનાર દર્દીઓ નિમ્નલિખિતમાંથી એક છૂટ માટે પાત્ર હશે:

- 250% ની સમવાય ગરીબી રેખા પર અથવા તેનાથી ઓછી વાર્ષિક ઘરેલૂ કુલ આવકવાળા દર્દીઓ તબીબી રૂપે જરૂરી તમામ સેવાઓ પર 100% છૂટ માટે પાત્ર હશે.
- 250% ની સમવાય ગરીબી રેખા પર અથવા તેનાથી ઓછી વાર્ષિક ઘરેલૂ કુલ આવકવાળા દર્દીઓએ તેમના બાકી તબીબી ઋણને તેમની ઘરેલૂ આવકના 30% પર સમાયોજિત કરવાનું રહેશે.

પદ્ધતિ (3):

HFHS શક્યતાના આધારે ભૂતકાળને લક્ષ્યમાં રાખીને PFAP માટે પાત્રતા નક્કી કરી શકે છે.

PFAP માટે સંભવનીય પાત્રતાની પૂર્તિ કરનાર દર્દીઓ તબીબી રૂપે જરૂરી તમામ સેવાઓ પર 100% છૂટ માટે પાત્ર હશે.

**PFAP માટે અરજી કરવી:**

HFHS નાણાકીય સલાહકાર સ્ટાફના સંપર્ક મારફતે અને અમુક નાણાકીય અને સમર્થનકારી માહિતી પ્રદાન કરીને સહાયતાની અરજી કરવામાં આવે છે. દર્દીઓ અને/અથવા જામીનદારો HFHS દર્દી અને/અથવા જામીનદારને પ્રાથમિક બિલ આપે તે પછી 240 સુધીમાં કોઈપણ સમયે નાણાકીય સહાયતા માટે અરજી કરી શકશે. ત્યારબાદ, HFHS, અરજીની પ્રક્રિયા કરશે અને પૂર્ણ ભરેલી અરજી પ્રાપ્ત થાય પછી 30 કૅલેન્ડર દિવસની અંદર પાત્રતા નક્કી કરશે. વ્યક્તિને નિર્ણયની અને નિર્ણય માટેના આધારની લેખિતમાં સૂચના આપવામાં આવશે.

*દર્દી નાણાકીય સહાયતા કાર્યક્રમ (PFAP) માં ભાગ લેવાની પાત્રતા ક્લિનિક્લ કેર ટીમોની સાથે ભાગીદારીમાં HFHS રેવન્યૂ સાયક્લ મેનેજમેન્ટની મંજૂરીને આધીન છે.*

*વિશેષ પરિસ્થિતિઓ માટે અનુબદ્ધ મુજબ અપવાદો કરી શકાશે. આવા અપવાદોને કેસ-દર-કેસ આધારે ગણવામાં આવશે. કરવામાં આવેલ કોઈપણ અપવાદથી નીતિમાં કોઈ ફેરફાર થતો નથી અથવા ભવિષ્યમાં સમાન નિર્ણય લાગુ કરવામાં આવશે તેની ખાતરી આપતું નથી.*

**PFAP માટે પાત્ર નથી:**

PFAP માપદંડની પૂર્તિ કરતા ન હોય તેવા દર્દીઓ પાસેથી સેવા માટે શુલ્ક લેવામાં આવશે જે આરોગ્ય વીમા રક્ષણ જાળવનાર વ્યક્તિઓ માટે અમાઉન્ટ્સ જનરલી બિલ્ડ (AGB) કરતા વધુ હોતી નથી. સૌથી સામાન્ય રીતે આ દર સમાન સેવાઓ માટે 115% સ્થાપિત Medicare ચુકવણી દર છે.

PFAP માટે પાત્ર નથી તેવા દર્દીઓ માટે, પગલાં કે જે HFHS દ્વારા બિનચૂકવણી રકમ માટે લેવામાં આવી શકે તે નીચે અલગ દર્દી બિલિંગ અને વસૂલાતો નીતિમાં વર્ણવેલ છે જે HFHS નાણાકીય સલાહકાર સ્ટાફ અથવા Henry Ford Health System વેબસાઈટ દ્વારા નિઃશુલ્ક મેળવી શકાય છે.

વ્યાખ્યા(ઓ)

- ***એમાઉન્ટ્સ જનરલી બિલ્ડ (AGB)*** નો અર્થ સરેરાશ રકમ કે જે વ્યાવસાયિક વીમાદાતા દ્વારા દર્દીઓની સેવા હેતુ Medicare શુલ્ક માટે લાગુ સમાન બિલિંગ અને કોડિંગ પ્રક્રિયાનો ઉપયોગ કરીને સેવા માટે HFHSની અપેક્ષા રાખનારાઓને ચુકવવામાં આવે છે.
- ***જામીનદાર*** તે વ્યક્તિ છે કે જે દર્દીના બિલ માટે જવાબદાર છે.
- **આ હેતુ માટે *HFHS સેવા પ્રદાતા*** માં તે તમામ નિયોજિત પ્રદાતાઓ તેમજ ખાનગી પ્રદાતાઓનો સમાવેશ થાય છે કે જે જ્યારે તેઓ HFHS દર્દીઓ સમક્ષ અથવા HFHS શાખા ખાતે અથવા તેમના ખાનગી કાર્યાલયોમાં સારવાર કરી રહ્યાં હતાં ત્યારે HFHS સ્થાન તરીકે પ્રમાણિત કરાયેલા છે
- ***હાઉસહોલ્ડ આવકમાં*** કર પહેલાની આવક, બેરોજગારી ભત્થું, કાર્યકર્તાઓનું ભત્થું, સામાજિક સુરક્ષા, વધારાની સુરક્ષા આવક, જાહેર મદદ, સેવાનિવૃત્તિઓની ચૂકવણીઓ, અનુજીવી લાભો, પેન્શન અથવા નિવૃત્તિ આવક, વ્યાજ, ડિવિડન્ડ્સ, ભાડા, રોયલ્ટિઝ અથવા મિલકતો, ટ્રસ્ટ્સ, શૈક્ષણિક સહાય, ગુજરાન-ખર્ચ, બાળ સહાય તરફથી થતી આવક અને ઘરની બહારથી મળતી સહાયતા અને અન્ય વિવિધ સ્રોતોનો સમાવેશ થાય છે. બિન-રોકડ લાભ જેમ કે ફૂડ સ્ટેમ્પ્સ અને હાઉસિંગ સબસિડી અથવા મૂડી લાભ અથવા નુકસાનો સમાવેશ થતો નથી. જો કોઈ વ્યક્તિ પરિવાર સાથે રહેતી હોય, પરિવાર બધા સભ્યોની ઘરેલૂ આવકનો સમાવેશ હોવો જોઈએ (ઘરેલૂ ભાગીદારો સહિત), સિવાય કે પરિવારના સભ્યો ભાડું ચૂકવતા ન હોય અને/અથવા મકાન માલિકોના આશ્રિતો ન હોય. બિન-સંબંધિતો, જેમ કે હાઉસમેટ્સનો સમાવેશ નથી. નિર્ભરતાની સ્થિતિ કેસ-દર-કેસના આધારે નિર્ધારિત કરવામાં આવે છે.
- ***તબીબી જરૂરિયાત, તબીબી રીતે આવશ્યક અથવા તબીબી આવશ્યકતા***નો અર્થ આરોગ્ય સંભાળ સેવાઓ છે જે દૂરદર્શી નૈદાનિક નિર્ણય લેનારા ચિકિત્સકો દર્દીની બીમારી, ઈજા, રોગ અથવા તેના લક્ષણોનું મૂલ્યાંકન કરવા, નિદાન કરવા અથવા સારવાર કરવા માટે આપશે. જો HFHS સેવા પ્રદાતા આદેશ આપવામાં આવ્યો હોય, તો જ પ્રતિબંધક અથવા સ્ક્રીનિંગ સેવાઓને આવરી લેવામાં આવે છે.